|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakwashi Jain Mahasangh, Mumbai

સંચાલિત :

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**તા. ૦૭-૦૮-૨૦૧૬** • સમયઃ બપોરે ૨.૦૦ થી ૫.૦૦ • **શ્રેણી : ૫** • ગુણ : ૧૦૦

**( Dharmik Shikshan Board Certificate Course Level : 5 )**

**પ્રશ્ન - ૧ : પાઠની પૂર્તિ કરો :** ૩૦

(ક) (૧) સાઈમં ............ સિજ્જા (૧૫)

(૨) ઈત્થં ................ મંતં કરંતિ

(૩) ગમણાગમણે ........ દુરુહીને

(૪) બારસહિં .......... પરમાહમ્મિએહિં

(૫) સંથવો ............ વજ્જણા

**(ખ) નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :** (૫)

(૧) પ્રતિક્રમણમાં નંપુસકનો પાઠ કયો ? ઔપપાતિક જીવો કોણ કોણ ?

(૨) ઉત્તમ કોને કહેવાય ? ઉત્તમ કેટલા અને કયા કયા ?

(૩) જિનમાર્ગથી અધિક પ્રરૂપણા એટલે શું ?

(૪) ૧૮ પાપમાંથી મન, વચન કાયાનાં પાપ કેટલા એટલે કે દરેકની સંખ્યા કેટલી ?

(૫) પ્રતિક્રમણમાં પાપનો પથારો સંકેલવાનો પાઠ કયો ? પરમગતિ અથવા સદ્‌ગતિના રિઝર્વેશનનો પાઠ કયો.

**(ગ) માગધી શબ્દોના ગુજરાતી અર્થ લખો :**

૧) સુટ્ઠુદિન્નં ૨) અણાભોગમિથ્યાત્વ ૩) જીવદયાણં૪) રાગ ૫) દુરૂહીને (૫)

૬) આકુટ્ટિ ૭) બહુમયં ૮) મણામં ૯) અભિથુઆ ૧૦) સંથવોવા.

**(ઘ) નીચેના ગુજરાતી શબ્દના માગધી શબ્દ લખો :** (૫)

૧) એમ કહે ૨) શંકાશીલ રહેવું ૩) તજું છું ૪) વિરાધનારહિત ૫) જેમ-તેમ નિરર્થક બોલવું.

**પ્રશ્ન - ૨ : પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)** ૨૦

(ક) (૧) અવસર્પિણી કાળના પાંચમા આરાના ૪ થી ૭ લક્ષણો લખો. (૧૦)

(૨) અવસર્પિણી કાળ એટલે શું ? પૂર્ણ જવાબ લખો.

(૩) ઉત્સર્પિણી કાળના ત્રીજા આરાનું નામ, કાળમાન લખો, તે આરામાં કેટલા તીર્થંકર, ચક્રવર્તી થશે ?

(૪) અવસર્પિણી કાળના પહેલા આરામાં પાંસળીની સંખ્યા, અવગાહના લખો. છઠ્ઠા આરામાં આયુષ્ય અને ધરતીની સરસાઈ લખો.

(૫) જંબુસ્વામી મોક્ષે ગયા પછી કેટલા બોલ વિચ્છેદ ગયા ? કોઈ પણ ચાર નામ જણાવો.

(૬) ઋષભદેવ ભગવાનનો જન્મ કયા આરામાં થયો ? કયા વિમાનમાંથી ? કેટલું આયુષ્ય ભોગવીને ત્યાંથી આવ્યા ?

**(ખ) ખાલી જગા પૂરો :** (૫)

૧) ચોથા આરામાં શેષ ......વર્ષ બાકી રહ્યા ત્યારે પ્રભુમહાવીર ......નગરીમાં નિર્વાણ પામ્યા.

૨) ........ આરાનું એક કાળચક્ર તથા ........ સાગરોપનું એક કાલચક્ર થાય.

૩) અકર્મભૂમિના ........ અને ........માં બેસતા બીજા આરા જેવા ભાવ હોય છે.

૪) ઋષભદેવ ભગવાન ........ પર્વત પર ........ સાધુ સાથે મોક્ષે પધાર્યા.

૫) ઉત્સર્પિણી કાળનો પહેલો આરો ........ વર્ષનો અને પાંચમો આરો ........ વર્ષનો હશે.

**(ગ) એક વાક્યમાં જવાબ લખો : (કોઈ પણ પાંચ)** (૫)

૧) છઠ્ઠો આરો બેસશે ત્યારે કયો વાયરો વાસે ? કેટલા બોલ વિચ્છેદ જશે ?

૨) દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રમાં કયા આરા જેવા ભાવ વર્તે છે ? મહાવિદેહ ક્ષેત્રમાં કેવા ભાવ વર્તે છે ?

૩) અવસર્પિણીના ચોથા આરામાં મનુષ્યની અવગાહના બેસતા અને ઉતરતે આરે કેટલી ? પુરુષ, સ્ત્રી, નપુંસક કેટલા કવલનો આહાર કરે ?

૪) જુગલિયાનું મૃત્યુ કેવી રીતે થાય ? તેમની ગતિ કઈ ?

૫) ભગવાન મહાવીરને કઈ નદીના કિનારે કેવળજ્ઞાન થયું ? કયા દિવસે થયું ?

૬) અવસર્પિણી કાળના બીજા આરાની સ્થિતિ લખો, તેનું નામ લખો.

(પાછળ જુઓ)

**પ્રશ્ન - ૩ : નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ ૧૦)** **૨૫**

(ક) (૧) અશાતા વેદનીય કર્મ કેટલા પ્રકારે ભોગવે ? ફક્ત નામ લખો. (૧૫)

(૨) નારકીનું આયુષ્ય કેટલા પ્રકારે બંધાય ? કયા કયા ?

(૩) જ્ઞાનાવરણીય કર્મ કેટલા પ્રકારે બાંધે ? કયા કયા ? (માગધી શબ્દો લખો ફક્ત)

(૪) કેવલ જ્ઞાનાવરણીયની વ્યાખ્યા લખો.

(૫) કર્મ એટલે શું ? વ્યાખ્યા લખો - પૂર્ણ લખો.

(૬) જ્ઞાનવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જઘન્યસ્થિતિ, અબાધાકાળ લખો.

(૭) અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ કોની સમાન ?

(૮) ત્રસ દશકના ફક્ત નામ લખો (અર્થ નહીં).

(૯) ગોત્ર કર્મની સ્થિતિ - (જઘન્ય, ઉત્કૃષ્ટ સ્થિતિ) અબાધાકાળ લખો.

(૧૦) કર્મોની વિવિધ અવસ્થાના નામ (પહેલા ચાર જ નામ લખો). પહેલી અવસ્થાનો અર્થ લખો.

(૧૧) દર્શનાવરણીય કર્મને કોની ઉપમા આપી છે ? તેણે આત્માનો કયો ગુણ રોક્યો છે ?

**(ખ) ફક્ત સંખ્યા લખો :** (૫)

| | |
|---|---|
| (૧) નામ કર્મની પ્રકૃતિ ........ | (૬) વેદનીય કર્મ ભોગવવાની પ્રકૃતિ |
| (૨) જ્ઞાનાવરણીય કર્મબંધના કારણ ........ | (૭) આયુષ્ય કર્મ બાંધવાની પ્રકૃતિ |
| (૩) ........ નો કષાય | (૮) ગોત્ર કર્મ કેટલા પ્રકારે બંધાય ? |
| (૪) અંતરાય કર્મ કેટલા પકારે ભોગવે ? | (૯) કષાય ચારિત્ર મોહનીયની પ્રકૃતિ. |
| (૫) નામ કર્મ કેટલા પ્રકારે બંધાય ? | (૧૦) દર્શનાવરણીય કર્મ ભોગવવાની પ્રકૃતિ |

**(ગ) જોડકાં જોડો :** (૫)

| | |
|---|---|
| (૧) બેઠા બેઠા ઊંઘે | ક) અપર્યાપ્ત નામ |
| (૨) પર્યાપ્તિ પૂર્ણ ન મળે | ખ) ઉચ્ચ ગોત્ર |
| (૩) ચાલતા ચાલતા ઊંઘે | ગ) રતિમોહનીય |
| (૪) પરિતાપ કે ત્રાસ ન ઉપજાવવાથી | ઘ) ઉપઘાતનામ |
| (૫) જેના ઉદયથી જીવને સંસારમાં અને પાપના કાર્યમાં આસક્તિ રહે | ઙ) પ્રચલા |
| (૬) રસોળી થાય | ચ) ત્રસનામ |
| (૭) ઊંચી જાતિમાં જન્મ | છ) મિથ્યાત્વ મોહનીય |
| (૮) જેના ઉદયે જીવને કારણ અથવા વગર કારણે હસવું આવે | જ)શાતા વેદનીય |
| (૯) સુદેવ સુગુરુ, સુધર્મ પર શ્રદ્ધા ન હોવી | ઝ) પ્રચલા પ્રચલા |
| (૧૦) જેના ઉદયથી જીવ હલનચલન કરે | ટ) હાસ્ય મોહનીય |

**પ્રશ્ન - ૪ : ગોચરી સંબંધી પ્રશ્નોના જવાબ લખો :** **૫**

(ક) (૧) જમતાં પહેલાં કઈ ભાવના રાખવી ? (૩)

(૨) આધાકર્મી આહાર એટલે શું ?

(૩) સાધુ-સાધ્વી ઘરે પધારે ત્યારે અને વહોરીને પાછા ફરે ત્યારે કઈ વિધિ કરવાની છે ?

**(ખ) નીચે દર્શાવેલી વસ્તુ સાધુ-સાધ્વીને વહોરાવી શકાય ? 'હા' કે 'ના'માં જવાબ આપો.** (૨)

(૧) દાડમ નાખેલ ભેળ (૨) કેરીનો રસ (૩) હરડેની ફાકી (૪) કાકડી-ટમેટાનું કચુંબર

**પ્રશ્ન - ૫ : વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ લખો :** **૧૦**

(૧) ઋષભદેવનો જન્મ કઈ તિથિએ થયો ? કેટલા અને કયા કયા ઇન્દ્રો આવ્યા ?

(૨) દેવલોકમાં શકેન્દ્રએ કામદેવની પ્રશંસા કરતાં શું કહ્યું ?

(૩) શ્રેયાંસકુમારને કયું જ્ઞાન થયું ? તેઓ કોના પુત્ર હતા ? તેમને સ્વપ્નમાં શું આવ્યું ?

(૪) બે કાચબા કયા સૂત્રનો અધિકાર છે ? બે શિયાળ રાત્રે શું કરતા ?
દિવસે શું કરતા ?

(૫) કામદેવ શ્રાવક કાળ કરીને ક્યાં ગયા ? મોક્ષ ક્યાંથી જશે ?

**પ્રશ્ન - ૬ : કાવ્યવિભાગ સાધુવંદણાને આધારે લખો :** **૧૦**

(૧) મુનિવર હરિકેશી ............ ભવનો પાર

(૨) વળી ઋષભદત્ત ............ અણગાર

(૩) ધન્ય જાલી ............ અગાધ

(૪) ધર્મઘોષ તણા ............ અપાર

(૫) છયે ઋધ્ધિ ............ દ્વાર.

"જય જિનેન્દ્ર"